**અગત્યનું/ સમયમર્યાદા/ આજે જ**

Azadi Ka Amrit Mahotsav

નં.આવિ/અનશ/૧૫૨૮/૨૦૨૧/ ૬૧૦
કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી,
બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦-એ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા.૦૮/૧૧/૨૦૨૧

પ્રતિ,

મદદનીશ કમિશ્નરશ્રી (આદિજાતિ વિકાસ), .......... જિ. ......... (તમામ)
આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, આહવા, જિ. ડાંગ
આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા, .......... જિ. ...........

વિષય:- એન.એ.એસ.૨૦૨૧ ના અમલીકરણ માટે તા.૧૦ થી ૧૨ નવેમ્બર ૨૦૨૧ દરમ્યાન શાળાઓ ચાલુ રાખવા બાબત.

સંદર્ભ:- ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,ગાંધીનગરના પત્ર ક્રમાંક સમગ્ર શિક્ષા/ક્યુઇસેલ/૧/૨૦૨૧/ ૩૬૫૯૯ થી ૬૦૨,તા.૩૦/૧૦/૨૦૨૧

ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનુ કે, સમગ્ર દેશમાં એક જ સાથે તા.૧૨/૧૧/૨૦૨૧ ના રોજ ધોરણ-૩, ૫, ૮ અને ૧૦ માં નેશનલ એચિવમેન્ટ સર્વે(NAS) ૨૦૨૧ હાથ ધરવાનું આયોજન થયેલ છે. જે સર્વેમાં સેમ્પલમાં પસંદ થયેલ શાળાઓ પૈકી અત્રેના ખાતા ધ્વારા સંચાલિત આપનાં કચેરી હસ્તકની આદર્શ નિવાસી શાળાઓની યાદી આ સાથે સામેલ રાખેલ છે. આ સર્વે સારી રીતે અને તટસ્થ રીતે હાથ ધરી શકાય તે હેતુથી સર્વે માટે પસંદ થયેલ શાળાઓને તા.૧૦ થી ૧૨ નવેમ્બર-૨૦૨૧ દરમ્યાન ત્રણ દિવસ માટે ધોરણ-૧૦ ના વિધાર્થીઓ અને શિક્ષકો શાળા ખાતે હાજર રહે તે મુજબનું આયોજન કરવા આથી આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

બિડાણ – ઉપર મુજબ

સંયુક્ત કમિશ્નર
કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**નકલ સવિનય રવાના** –

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર & કમિશ્નરશ્રી, પ્રાથમિક શિક્ષણ, સેક્ટર-૧૭, ગાંધીનગર તરફ જાણ સારૂ.

જા. નં. મા. શિ./NAS/૨૦૨૧/૧૬૨૭૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત. જિ. સુરત
તા. ૧૦/૧૧/૨૧

District Education Officer
Surat. Dist. Surat.

પ્રતિ,
આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા, તમામ
સુરત. જિ. સુરત

નિયામક, સમાજ સુરક્ષા ખાતું
બ્લોકનં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોનનં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૯
ફેક્સનં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૮
ઈ – મેઈલ : dir-sd@gujarat.gov.in

ન.સસુખા/અપગ/૨૦૨૧-૨૨/ ૧૧૨૭૦

તા. ૯/૧૧/૨૦૨૧

પ્રતિ,

યાદી મુજબની સંસ્થાઓ

વિષય – એન.એસ.એ–૨૦૨૧ના અમલીકરણ માટે તા.૧૦ થી ૧૨ નવેમ્બર દરમ્યાન શાળા ચાલુ રાખવા બાબત.

સંદર્ભ – સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર & કમિશ્નર, પ્રાથમિક શિક્ષણનો તા.૩૦.૧૦.૨૦૨૧નો પત્ર નં.૩૬૫૯૯–૬૦૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર દેશમાં એક જ સાથે તા.૧૨ નવેમ્બર–૨૦૨૧ના રોજ ધોરણ ૩,૫,૮ અને ૧૦માં નેશનલ એચિવમેન્ટ સર્વે **NAS-2021** હાથ ધરવાનું આયોજન થયેલ છે.

પ્રસ્તુત સર્વેમાં સેમ્પલ પસંદ થયેલ શાળાઓ પૈકી નિયામક સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ કે જેઓન યાદી મુજબ આ સર્વેમાં સેમ્પલ પસંદ થયેલ છે તે શાળાઓને પસંદ થયેલ ધોરણ ૩,૫ અને ૮ માટે આ સાથે સામેલ યાદીમાં જણાવ્યા મુજબની સંસ્થા/શાળાઓને તારીખ ૧૦ થી ૧૨ નવેમ્બર ૨૦૨૧ દરમ્યાન ત્રણ દિવસ માટે ધોરણ ૩,૫, અને ૮ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શાળામાં હાજર રાખવા જણાવવામાં આવે છે.

બિડાણ – યાદી

નાયબ નિયામક
સમાજ સુરક્ષા કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સવિનય નકલ રવાના –

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર & કમિશ્નર, પ્રાથમિક શિક્ષણને સંદર્ભ અન્વયે જાણ સારૂ.